# 9

## ખાનગી વીજ કંપનીઓ સાથે વીજ ખરીદીના કરારો

* 15/4/1667 : **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ** (પાટણ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજ ખરીદીના કરારો થયેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |

**પ્રશ્ન**

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે કરાર મુજબ કેટલી ખાનગી કંપની પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી,

(૩) ઉક્ત વર્ષવાર ખરીદવામાં આવેલ વીજળી, કરાર કરતાં ઉંચા દરે ખરીદવામાં આવેલ હોય તો કેટલી વીજ કંપની પાસેથી કરાર કરતાં કેટલા ઉંચા દરે ઉક્ત વર્ષવાર કેટલી વીજળી ખરીદી, અને

(૪) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલી કંપનીને કુલ કેટલી રકમ ચૂકવેલ છે ?

**જવાબ**

(૨) (૩) અને (૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ અને ખાનગી વીજ કંપનીઓ વચ્ચે થયેલ કરારો મુજબ ખરીદેલ વીજળી, સરેરાશ દર અને ચૂકવેલ રકમની વિગતો નીચે મુજબ છે:

| વર્ષ | ખાનગી વીજ કંપનીઓની સંખ્યા | મિલિયન યુનિટ | સરેરાશ દર (રૂ/યુનિટ) | ચૂકવેલ રકમ (રૂ.કરોડ) |
|---|---|---|---|---|
| ૨૦૨૨ | ૮૦૪ | ૩૯૮૨૬ | ૫.૨૫ | ૨૦૮૯૮ |
| ૨૦૨૩ (પ્રોવિઝનલ) | ૯૧૯ | ૪૧૫૧૩ | ૪.૭૫ | ૧૯૭૩૬ |

વધુમાં જણાવવાનું કે, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ અને આયાતી કોલસા આધારિત વીજ કંપનીઓ વચ્ચે થયેલ કરારો અને સમગ્ર દેશની વધતી જતી વીજ માંગને પહોંચી વળવા કેન્દ્ર સરકાર દ્વારા ઈલેક્ટ્રીસીટી એક્ટ–૨૦૦૩ના સેક્શન–૧૧ અંતર્ગત આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેક્ટોને પૂર્ણ ક્ષમતાએ ચલાવવાના આદેશ અનુસાર હાલમાં એનર્જી ચાર્જની ચુકવણી પ્રોવીઝનલ દરે કરવામાં આવે છે, જે વીજ નિયમન આયોગના નિર્ણય મુજબ સરભર કરવાપાત્ર રહેશે.

----------